જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૩/૦૬/૨૦૨૩   મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## "એક ગુમ થયેલ બાળકીનુ તેના પરીવાર સાથે મિલન કરાવતી નરોડા પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પલાઇનની ટીમ"

હરિદર્શન ચાર રસ્તા ખાતેથી એક થર્ડ પાર્ટીનો ફોન આવે છે અને જણાવે છે કે પોતાને એક ૧૦ વર્ષના આશરાની બાળકી મળી આવેલ છે જે ખુબજ ડરેલ હાલતમાં હોય ફક્ત હિન્દી બોલતી હોય અને ખુબજ રડતી હોય પોતાના ઘરનુ સરનામુ જાણતી ના હોય મદદ માટે જણાવતા નરોડા પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પલાઇન ટીમ તાત્કાલીક જગ્યા પર પહોચી ગયેલ અને બાળકી ખુબજ રડતી હોય શાંત પાડી, પાણી પીવડાવી નાસ્તો આપી પ્રેમથી કાઉન્સેલીંગ કરી આઈસ્ક્રીમ ખવડાવવાની પ્રલોભન આપી પુછપરછ કરતા બાળકીએ પોતાનુ નામ જણાવેલ પરંતુ પોતાને ઘરનુ સરનામાની ખબર નહી હોવાનુ જણાવે છે જેથી વધુ પુછપરછ કરતા પોતાની સ્કુલનુ નામ જણાવતા. જે સ્કુલના પ્રિન્સીપાલશ્રીનો સંપર્ક કરતા બાળકીના નામ ઉપરથી તેના ઘરનુ સરનામુ મળતા તાત્કાલીક બાળકીને લઈને તેના ઘરે જઈ તેની માતાને સોંપી પુછતા માતાએ જણાવેલ કે પોતાને બાળકી બપોરે કલાક ૧/૦૦ વાગ્યાથી બહાર રમે છે તેવી જ ખબર છે અને તે કયારથી જતી રહેલ છે તે પણ પોતાને ખબર નહી હોવાનુ જણાવતા બાળકીની માતાને બાળકીની કાળજી રાખવા જણાવેલ. આમ એક ગુમ થયેલ બાળકીનુ પરીવાર સાથે મિલન કરાવી નરોડા પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમ દ્વારા માનવતાભરી ઉમદા કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર ટીમ :-** નરોડા પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમ

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૯૫૭/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪૯ કેસ કરી, ૧૫૧ વ્યક્તિઓને ઝડપી, ૫૫૦ લીટર દેશી દારૂ, ૨૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૯૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬૬ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ ટેમ્પો, ૦૨ રીક્ષા અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૯૫૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૯૫૯/૨૦૨૩**

**નરોડા:** કલ્પેશભાઈ ચીનુભાઈ દરજી (રહે.રણછોડજી મંદિર સામે નરોડા ગામ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૩ કલાક ૨/૦૦ થી સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા પાટીયા સીટી સેન્ટર ખાતે વિનસ હોસ્પીટલમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, રીશેપ્સન ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૫૫,૫૦૦/- તથા પર્સમાંથી રોકડ રૂપિયા ૫૮૦૦/- મળી કુલ રૂપિયા ૬૧,૩૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.ટી.ડામોર ચલાવે છે.

**આઠમા માળથી પડી જતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૯૬૦/૨૦૨૩**

**નરોડા:** નરોડા હંસપુરા ટિવન ટાવર નામની નવી બનતી સાઇટ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા સુનીલ નારાયણ ગરાસીયા (ઉ.વ.૧૯)(મુળ વતન. સારંગપુર બાંસવાડા રાજસ્થાન) તા.૧૧/૦૬/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ટિવન ટાવર “એ” બ્લોકના આઠમા માળની ગેલેરીમાંથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હિંમતસિંહ ઉદેસિંહ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૯૬૧/૨૦૨૩**

**વટવા જીઆઈડીસી:** વટવા જીઆઈડીસી મચ્છુનગર ખાતે રહેતા મિઠુ સ/ઓ મેશી મહંતો (ઉ.વ.૨૭) (મુળ વતન. ગામ-મસાહા તા-પોસ્ટે શીયા મોહંમદપુર જી-સારન બિહાર) તા.૧૨/૦૬/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે વટવા જીઆઈડીસી ફેજ-૦૪ પ્લોટ નં-૩૭૬૨ “ટેક્નોકોટ એન્જીનીયરીંગ” ખાતે લોખંડની ટાંકીની અંદર વેલ્ડીંગનુ કામ કરતા હતા ત્યારે ટાંકીમાં વીજ કરંટ લાગતા, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૬૨/૨૦૨૩**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** (૧) ગીરીશભાઇ પુનમભાઇ (ઉ.વ.૨૩)(રહે.સરકારી જીન પાસે દેહગામ ગાંધીનગર) અને (૨) વર્ષાબહેન ડો/ઓ રણછોડભાઇ (ઉ.વ.૧૭) (રહે.ગાંધીનગરનો ટેકરો, સોરાબજી કંપાઉન્ડ, વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૨૦૨૩ સાંજના ૫/૨૦ વાગ્યા પહેલા માસ્તર કોલોની પાછળ, રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૭ ખાતે નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હરેશભાઇ લાભુભાઇ ચલાવે છે.

**શહેરકોટડાઃ** ધીરજ ઉર્ફે ભાવેશ સુરેશભાઇ ચૌહાણ (ઉ.વ.૩૩)(રહે.યુનીટ નંબર-૩, નર્મદા હોમ્સ, ઇંટવાડા, સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૬/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

**સરખેજઃ** કમળાબહેન વા/ઓ હરેશકુમાર માનકાતર (ઉ.વ.૨૪)(રહે.અમદાવાદ-સરખેજ સાણંદ ચોકડી કીરણ મોટર્સ સામે સ્ટેટ હાઇ-વે) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૬/૨૦૨૩ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી